औद्योगिक તાલીમ સંસ્થાઓમાં પ્રવેશ માટે ધોરણ-૧૦ ના ગણિત વિષયના બે પ્રકારના પ્રશ્નપત્રોને પ્રવેશ માટે લાયક ગણવા બાબત

ગુજરાત સરકાર
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંક: તલમ/૧૫/૨૦૨૧/૫૩૫૧૪૧/આર-૨
સચિવાલય, ગાંધીનગર
તા:૧૭/૧૨/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી,રોજગાર અને તાલીમનો તા.૨૬/૧૧/૨૦૨૧ નો પત્ર ક્રમાંક:રોતાનિ/સીટીએસ/ચ-૪/૨૦૨૧/૭૬
(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૪/૦૭/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: મશબ /૧૧૧૯/ ૮૫૭/છ
(૩) નિયામકશ્રી રોજગાર અને તાલીમ કચેરીનાં તા.૧૫/૦૯/૨૦૨૧ ના કચેરી આદેશ ક્રમાંક: રોતાનિ-સીટીએસ-ચ.૪-૨૦૨૧-૧૩૫૫૮ થી રચાયેલ કમિટીનો અહેવાલ.

આમુખ:-

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ:૧૦માં ગણિત વિષયમાં બે પ્રકારના પ્રશ્નપત્રોનો વિકલ્પ આપવા બાબતનો ઠરાવ ઉક્ત વંચાણે લીધેલ પત્ર - ૨ થી કરેલ છે. શિક્ષણ વિભાગના સદર ઠરાવથી શૈક્ષણિક વર્ષ- ૨૦૨૧-૨૨ થી ધોરણ:૧૦ ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક એમ બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. સદર ઠરાવમાં જણાવ્યા મુજબ ધોરણ- ૧૦ ગણિત વિષયનું પાઠ્યપુસ્તક એક સરખુ જ રહેશે. શાળા કક્ષાએ કે વર્ગખંડ કક્ષાએ આ અંગેની શૈક્ષણિક પદ્ધતિમાં કઇ ફેરફાર કરવાનો રહેશે નહી. ધોરણ- ૧૦ ગણિત વિષયમાં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિકના પ્રશ્નપત્ર અલગ-અલગ રહેશે. બન્ને પ્રકારના પરિરૂપમાં પ્રકરણવાર ગુણભાર, પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ગુણભાર તેમજ હેતુઓ પ્રમાણે ગુણભાર અલગ-અલગ રાખવાના રહેશે. શિક્ષણ વિભાગના ઠરાવમા જણાવ્યા મુજબ જે વિદ્યાર્થી ધોરણ- ૧૦માં ગણિત સ્ટાન્ડર્ડ રાખશે તે ધોરણ- ૧૧માં વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહમા પ્રવેશ મેળવી શકશે. જે વિદ્યાર્થી ધોરણ- ૧૦માં ગણિત બેઝિક રાખશે તે ધોરણ- ૧૧માં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે નહિ.

ધોરણ- ૧૦ પછી રાજ્યની આઇ.ટી.આઇ. માં સંબંધિત અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા કરવામાં આવે છે. ધોરણ- ૧૦માં ગણિત બેઝિકનો વિકલ્પ પસંદ કરનાર વિદ્યાર્થીઓને આ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવશે કે કેમ? તે અંગે શાળાઓ તરફથી પૃચ્છા કરવામાં આવે છે. જે બાબત ધ્યાને લઇ આઇ.ટી.આઇ. દ્વારા ચલાવવામાં આવતા ધોરણ-૧૦ પછીના વ્યવસાયિક અભ્યાસક્રમો કે જેમાં પ્રવેશ મેળવવા માટે ગણિત વિષયમાં પાસ થવું આવશ્યક હોય તેવા અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ- ૨૦૨૨-૨૦૨૩ થી ધોરણ- ૧૦માં ગણિત બેઝિક સાથે પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવો કે નહિ તે અંગેનો નિર્ણય કરવા નિયામકશ્રી,રોજગારઅને તાલીમની કચેરી દ્વારા ઉક્ત વંચાણે લીધેલ પત્ર - ૧ થી દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

વંચાણ ક્રમ-(૧) પરનો પત્ર તથા વંચાણ ક્રમ-(૩) પરના અહેવાલની વિગતો ધ્યાને લઈને, પુખ્ત વિચારણાને અંતે રાજ્યની સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં National Council of Vocational Training (NCVT)/ Gujarat Council of Vocational Training (GCVT) પેટર્નના લાંબાગાળાના ચલાવવામાં આવતા વિવિધ વ્યવસાયો; જેમાં મોટા ભાગના વ્યવસાયોમાં પ્રવેશ માટેની ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ- ૧૦ માં ગણિત અને વિજ્ઞાન વિષય સાથે નિયત થયેલ છે. જે ધ્યાને લઇને આઇ.ટી.આઇ.માં પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવાર માટે વિવિધ વ્યવસાયમાં દર્શાવેલ ન્યુનતમ લાયકાતમાં ધોરણ- ૧૦ ગણિત અને વિજ્ઞાન વિષય સાથે પાસના સ્થાને ધોરણ- ૧૦માં સ્ટાન્ડર્ડ ગણિત/બેઝિક ગણિત અને વિજ્ઞાન વિષય સાથે પાસ કરેલ હોય તેને એન.સી.વી.ટી./ જી.સી.વી.ટી. પેટર્નના લાંબાગાળાના વિવિધ વ્યવસાયોમાં પ્રવેશ માટે લાયક ગણવાનું ઠરાવવામાં આવે છે.

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૮/૧૨/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.એમ. ચૌહાણ)
નાયબ સચિવ
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

પ્રતિ,

(૧) માન. રા.ક. મંત્રીશ્રી (શ્રમ,કૌ.વિ. અને રો.) સ્વતંત્ર હવાલોના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૨) અગ્ર સચિવશ્રી (શ્રમ, કૌ.વિ. અને રો. વિભાગ) ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર.
(૩) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (તમામ આઈ.ટી.આઈ. ને જાણ કરવાની વિનંતી સહ)
(૪) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-બી, ગાંધીનગર.
(૫) ના.સ..શ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
(૬) સિલેક્ટ ફાઈલ, આર-(૨) શાખા
(૭) નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
(૮) આઈ.ટી. સેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/૦૫-૩૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.01/01/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

ઉક્ત ઠરાવની વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારું મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

અ.નં. મા.૨/૬૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત. જિ. સુરત
તા. 4/1/2022

પ્રતિ,

આચાર્યશ્રી

તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
સુરત, જિ. સુરત.

District Education Officer
Surat. Dist. Surat